વરસાદના વધામણા - પ્રથમ વરસાદના આગમન સાથે સૌ વરસાદને વધાવવા માર્ગો પર ઉમટી પડ્યા હતા... સમગ્ર શહેરમાં ઉલ્લાસનું વાતાવરણ સર્જાયું હતું... પહેલા વરસાદમાં પલળવાની મજા રોમાંચક હોય છે... રોજીંદી જરૂરિયાત શાકભાજી વેચવાવાળી શ્રમિક મહિલા છત્રીના સહારે વરસતા વરસાદમાં બેસીને તાજાતાજા શાકભાજી વેંચી રહી છે... વૉટ્સએપ પર કાવ્યાત્મક સંદેશા વરસાદની જેમ વરસી પડ્યા હતા... (તસવીર : કશ્યપ નિમાવત)

કલ્ચરલ ફોરમ દ્વારા પદ્મશ્રી ઉપેન્દ્ર ત્રિવેદી એકપાત્રીય અભિનય સ્પર્ધા

માધ્યમિક, કોલેજ અને ખુલ્લો વિભાગ એમ ત્રણ કેટેગરીમાં સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર અને ગાંધીનગરની કલા-સાહિત્ય પ્રવૃત્તિઓ સાથે વર્ષો સુધી સંકળાયેલા રહેલા અભિનય સમ્રાટ - પદ્મશ્રી ઉપેન્દ્રભાઈ ત્રિવેદીની સ્મૃતિ ચિરસ્મરણીય રહે અને શ્રી ઉપેન્દ્રભાઈ ત્રિવેદીને ઉચિત અંજલી આપવાના નમ્ર પ્રયત્ન સ્વરૂપે ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા 'પદ્મશ્રી ઉપેન્દ્ર ત્રિવેદી એકપાત્રીય અભિનય સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું છે. આગામી તારીખ ૧૩-૧૪ જુલાઈ, ૨૦૧૫ના રોજ સ્વ. ઉપેન્દ્રભાઈ ત્રિવેદીની જન્મજયંતી પ્રસંગે ગાંધીનગરમાં માધ્યમિક કક્ષા, કોલેજ કક્ષા અને ખુલ્લો વિભાગ એમ ત્રણ કેટેગરીમાં એકપાત્રીય અભિનય સ્પર્ધા યોજાશે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષે 'પદ્મશ્રી ઉપેન્દ્રભાઈ ત્રિવેદી એકપાત્રીય અભિનય સ્પર્ધા'ની વિગતો આપતાં જણાવ્યું હતું કે, ગાંધીનગર કલ્ચરલ ફોરમના વિવિધ ઉદ્દેશ્યો પૈકી એક નગરની પાંગરતી પ્રતિભાઓને, કલામાં રસ ધરાવતાં બાળકો-યુવાનોને પ્રોત્સાહિત કરવાં, તેમને યોગ્ય મંચ પૂરો પાડી તેમનાં આ રસ-રૂચિને યોગ્ય દિશા આપવાનો રહ્યો છે. એ દિશામાં વધુ એક પ્રયાસરૂપે એકપાત્રીય અભિનય સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

આગામી તારીખ ૧૩ જુલાઈ, ૨૦૧૫ને સોમવારના રોજ ગાંધીનગરમાં 'પદ્મશ્રી ઉપેન્દ્ર ત્રિવેદી એકપાત્રીય અભિનય સ્પર્ધા' યોજાશે. માધ્યમિક કક્ષાની સ્પર્ધા, કોલેજ કક્ષાની સ્પર્ધા અને ખુલ્લા વિભાગની સ્પર્ધા એમ ત્રણ વિભાગમાં સ્પર્ધા યોજાશે. ત્રણેય વિભાગમાં પ્રથમ, દ્વિતિય અને તૃતિય એમ ત્રણ ઈનામો અપાશે. ત્રણેય કેટેગરીમાં વિજેતા થયેલા અભિનેતાઓ તારીખ ૧૪ જુલાઈ, ૨૦૧૫ને મંગળવારના રોજ સ્વ. ઉપેન્દ્રભાઈ ત્રિવેદીની જન્મજયંતી પ્રસંગે ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા યોજાઈ રહેલા વિશેષ સમારોહ અંતર્ગત વિજેતા કૃતિની પ્રસ્તુતી કરશે.

અમદાવાદ અને ગુજરાતના સિદ્ધહસ્ત નાટ્યકારો-અભિનેતા આ સ્પર્ધાના નિર્ણાયકો તરીકે સેવાઓ આપશે. 'પદ્મશ્રી ઉપેન્દ્ર ત્રિવેદી એકપાત્રીય અભિનય સ્પર્ધા'માં ભાગ લેવા માટેના પ્રવેશ ફોર્મ ગાંધીનગરની તમામ શાળાઓ અને કોલેજોમાં પહોંચાડવામાં આવ્યા છે. આ સિવાય ખુલ્લા વિભાગની સ્પર્ધામાં ભાગ લેવા માટેના ફોર્મ ગાંધીનગર સમાચાર કાર્યાલય ખાતે ઉપલબ્ધ છે. ભાગ લેવા ઈચ્છતી શાળા-કોલેજો અને કલાકારોને સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા વિવિધ પ્રકારના પાંચ અભ્યાસક્રમો શરૂ કરાશે

ગાંધીનગર, તા. ૨૪

સાંસ્કૃતિક કાર્યક્રમોના આયોજનની સાથોસાથ ભાવિ પેઢીમાં સંસ્કાર સિંચન અને સભ્ય-સુસંસ્કૃત સમાજના નિર્માણ માટે પ્રતિબધ્ધ ગાંધીનગર કલ્ચરલ ફોરમ યુવાનો, બાળકો અને તમામ વર્ગના-વય જૂથના નાગરિકો માટે વિશેષ આયોજનો કરી રહ્યું છે. ગુજરાતના ગૌરવસમા અભિનય સમ્રાટ પદ્મશ્રી ઉપેન્દ્રભાઈ ત્રિવેદીની જન્મજયંતી - તા. ૧૪ જુલાઈ, ૨૦૧૫ના રોજ થી ગાંધીનગર કલ્ચરલ ફોરમ કલ્ચરલ સ્કૂલ ઑફ મ્યુઝિક અને કલ્ચરલ સ્કૂલ ઑફ પર્સનાલિટી ડેવલપમેન્ટ એમ બે નવા અભ્યાસક્રમો સાથે કલ્ચરલ સ્કૂલ ઑફ એક્ટિંગ, કલ્ચરલ સ્કૂલ ઑફ ડાન્સ અને કલ્ચરલ સ્કૂલ ઑફ ડ્રોઈંગ એન્ડ પેઈન્ટીંગનો શુભારંભ કરાશે.

શહેરમાં ભારે વરસાદને પગલે મનપા દ્વારા ૨૪ કલાક કંટ્રોલરૂમ શરૂ કરાયો

ગાંધીનગર, તા. ૨૪

શહેરમાં આજે વરસાદનું આગમન થતાં ભારે કે અતિભારે વરસાદ દરમિયાન આકસ્મિક સ્થિતિને પહોંચી વળવા ગાંધીનગર મ્યુનિ. કોર્પોરેશનનાં ફાયરબ્રિગેડ વિભાગ દ્વારા તમામ તૈયારીઓ કરી લેવાઈ છે. આરોગ્યલક્ષી તથા આકસ્મિક ઘટના દરમિયાન બચાવ કામગીરી હેતુ ૨૪ કલાક કંટ્રોલરૂમની સુવિધાનું આયોજન કરવામાં આવ્યું છે.

ચોમાસુ ઋતુના પ્રારંભ બાદ આજે ગાંધીનગર શહેરમાં વરસાદનું આગમન થતાં નાગરિકોને અસહ્ય ઉકલાટ સામે રાહત મળી હતી. જો કે ભારે કે અતિભારે વરસાદની શકયતાના પગલે આકસ્મિક ઘટનાઓને નિવારવા હેતુ ગાંધીનગર મ્યુનિ. કોર્પોરેશનનાં ફાયરબ્રિગેડ તંત્ર દ્વારા ઈમરજન્સી રેક્સ્યુ ટેન્ડર, બોટ, જનરેટર તથા લાઈટીંગ સિસ્ટમ સહિતની સાધનસામગ્રીની ચકાસણી કરવામાં આવી હતી. આ સાથે ૨૪ કલાક કંટ્રોલરૂમની સુવિધા ઉભી કરવામાં આવી છે. જેમાં આરોગ્યલક્ષી કે આકસ્મિક ઘટના અંગે નાગરિકો ૨૩૨-૨૨૭૪૨, ૨૩૨-૨૨૧૦૦ કે ૧૦૧ ફોન નંબર પર પોતાની ફરિયાદ નોંધાવી શકે છે. દરમિયાન કફોડી સ્થિતિ વખતે ઝડપી અને અસરકારક કામગીરી હેતુ કર્મચારીઓની રજાઓ પણ રદ કરવામાં આવી છે. આમ નાગરિકોની સુવિધા હેતુ તમામ સ્તરે ફાયરબ્રીગેડ તંત્ર સજ્જ કરવામાં આવ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લાતંત્ર એલર્ટ મોડ પર

તમામ અધિકારી-કર્મચારીની રજાઓ રદ ફરજનું સ્થળ નહિ છોડવા કલેક્ટરના આદેશ

ગાંધીનગર, તા. ૨૪

આગામી ૪૮ કલાકમાં ભારેથી અતિભારે વરસાદની આગાહીને પગલે જિલ્લાતંત્રને એલર્ટ મોડ પર મુકી દેવામાં આવ્યું છે.

જિલ્લા કલેક્ટરશ્રી રવિશંકરે આજે તમામ અધિકારી કર્મચારીની શનિ-રવિની રજા રદ કરવાની સાથે કોઈને પણ પૂર્વ મંજૂરી વગર ફરજનું વડુ મથક નહિ છોડવાના આદેશ આપ્યા છે.

કલેક્ટરશ્રી રવિશંકરે બન્ને પ્રાંત અધિકારીઓને પણ કડક તાકીદ કરી તાલુકાકક્ષાએ કંટ્રોલરૂમો ૨૪x૭ ચલાવવા જણાવ્યું છે. આ ઉપરાંત તેમણે જિલ્લાના ચારેય તાલુકામાં હાલની સ્થિતિની સમીક્ષા કરી અને રાહતના સાધનોની ઉપલબ્ધિ સહિતની બાબતોની જાણકારી મેળવી હતી.

જિલ્લા કલેક્ટરશ્રીએ તંત્રને પાણીના નિકાલની વ્યવસ્થા પર ચાંપતી નજર રાખવા માટે વિશેષ માર્ગદર્શન આપ્યુ હતુ. આ ઉપરાંત વન, માર્ગ-મકાન અને ઊર્જા વિભાગના અધિકારીઓને પણ તૈનાત રહેવા જણાવ્યું છે.

ભારે વરસાદ સંદર્ભે મુખ્યમંત્રી દ્વારા સમીક્ષા

ગાંધીનગર, તા. ૨૪

સૌરાષ્ટ્રમાં ભારે વરસાદને કારણે સર્જાયેલી અતિવૃષ્ટિ અંગે રાજયના મુખ્યમંત્રીએ એક ઉચ્ચકક્ષાની બેઠક યોજીને પરિસ્થિતિની જાણકારી મેળવીને રાહત બચાવ કામગીરી માટે જિલ્લાતંત્રોને માર્ગદર્શન આપી સ્થિતિની સમીક્ષા કરી હતી.

અરબી સમુદ્રમાં ઉભી થયેલી ડીપ ડીપ્રેશન સીસ્ટમને કારણે સૌરાષ્ટ્રના રાજકોટ, જૂનાગઢ, અમરેલી, ગીર, સોમનાથમાં ભારે વરસાદ થવા પામ્યો છે. મેઘરાજાએ સર્જેલી અતિવૃષ્ટિને કારણે કેટલાક ગામો સપર્ક વિહોણા બન્યા હતા.

મુખ્યમંત્રી નિવાસસ્થાને મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે એક ઉચ્ચકક્ષાની બેઠક બોલાવી હતી. જેમાં રાજયના મુખ્ય સચિવ અને મહેસૂલ સચિવ ઉપરાંત અસરગ્રસ્ત જિલ્લાના કલેક્ટરો સમયે ચર્ચા કરીને અતિવૃષ્ટિ અંગેની વિગતો મેળવીને પરિસ્થિતિની સમીક્ષા કરી હતી.

આજે પ્રદેશ કોંગી નેતાઓ જિલ્લાના આગેવાનોને ચતુરાઈ, કર્મઠતા જોમ અને એકતાના પાઠ ભણાવશે

ગાંધીનગર ટાઉનહોલમાં ભરતસિંહ સોલંકી, શંકરસિંહ વાઘેલા અને ગુરુદાસ કામતની હાજરીમાં સાંજે પાંચ વાગે સંમેલન

ગાંધીનગર, તા. ૨૪

આજે ગાંધીનગર જિલ્લાના ૭૭ કોંગી આગેવાનોને પ્રદેશ નેતાઓ ચતુરાઈ, કર્મઠતા અને જોમના પાઠ ભણાવી એકતાનો એકડો ઘુંટાડશે.

આ ૭૭ ચુનંદા આગેવાનોમાં ૪૪ જેટલા આગેવાનોમાં ધારાસભ્ય, પૂર્વ પ્રમુખો, પૂર્વ ધારાસભ્યો, મનપા, જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખો, નેતાઓનો સમાવેશ થાય છે જયારે ૨૭ જેટલા આગેવાનોને ખાસ આંમત્રિત તરીકે હાજર રહેવા માટે આમંત્રણ આપવામાં આવ્યા છે.

જિલ્લાના સંમેલન બાદ આ આગેવાનો સાથે પ્રમુખશ્રી ભરતસિંહ સોલંકી, વિપક્ષી નેતા શ્રી શંકરસિંહ વાઘેલા તથા પ્રભારી મહામંત્રી શ્રી ગુરુદાસ કામત બેઠક લેશે.

બિઝનેશ મીટીંગના નામે બોલાવવામાં આવેલી આ બેઠકમાં સૌ આગેવાનો સાથે સ્થાનિક સ્વરાજયની ચૂંટણીને લઈ તેમનું મન જાણવાનો પ્રયાસ થશે. આ પછી તેમને ચૂંટણીમાં ચતુરાઈ, કર્મઠતા અને જોમની સાથે સાથે એકતાનો એકડો ઘુંટાવવામાં આવશે.

જિલ્લા પ્રમુખશ્રી સૂર્યસિંહ ડાભીએ આજે જણાવ્યું હતું કે આ બિઝનેશ મીટીંગનો નવો વિચાર છે અને તેમાં સંગઠ્ઠન સહિતના ઘણા બધા મુદ્દાઓ પર ચર્ચા થશે. જો કે તેમણે બેઠકનો કોઈ ચોકકસ એજન્ડા હોવાનો ઈન્કાર કર્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

પેથાપુરમાં કોલેરા પોઝીટીવનો કેસ મળ્યો

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરને અડીને આવેલ પેથાપુર ગામમાંથી કોલેરા પોઝીટીવનો એક કેસ મળી આવતાં તંત્ર ચોંકી ઉઠ્યું છે.

છેલ્લા એક જ પખવાડિયામાં ગાંધીનગર જિલ્લામાંથી આ બીજો કેસ કોલેરાનો મળી આવ્યો છે. અગાઉ ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ પાલજ ગામનો શ્રમિક કોલેરા પોઝીટીવમાં મળી આવ્યો હતો. મળતી વિગતો પ્રમાણે પેથાપુરના રાવળ વાસમાં રહેતી શ્રમજીવી મહિલાને કોલેરા પોઝીટીવ આજે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પરીક્ષણ દરમ્યાન જણાઈ આવ્યું હતું.

આરોગ્યતંત્રને ધ્યાને આ વિગતો આવતાં જ તંત્ર હરકતમાં આવી ગયું હતું. તાબડતોબ જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી ડૉ. જયેશ સોલંકી અને તેમની ટીમ પેથાપુર પહોંચી હતી. તાત્કાલિક સમગ્ર વિસ્તારમાં સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યું છે.

વધુ કોઈ ઝાડા-ઉલ્ટીના શંકાસ્પદ દર્દીઓ મળ્યા નહિ હોવાનું જણાતાં તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે પરંતુ સઘન સર્વેલન્સની સૂચનાઓ આપવામાં આવી છે.

મહિલા દર્દી હાલ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે અને ત્યાં તેની સ્થિતિ સુધારા પર હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

સે-૨૧ના મુખ્ય શોપિંગ સેન્ટરમાં ફુવારાની સમસ્યા હજુ યથાવત

ચીફ સેક્રેટરી સહિતના ઉચ્ચ અધિકારીઓના રાઉન્ડ બાદ અપાયેલી સુચનાઓ પણ હવા થઇ ગઇ : તંત્રના અધિકારીઓ દ્વારા કોઇ ગતિવિધિ નહિ

ગાંધીનગર તા ૨૪

શહેરના સે-૨૧ માં રાજયના મુખ્ય સચિવે મુલાકાત લીધા બાદ શોપિંગ વિસ્તારમાં સમસ્યારૂપ બનેલા ફુવારાના મામલે તંત્ર કક્ષાએથી કોઇ ગતિવિધિઓ હાથ ધરવામાં આવી નથી. વર્ષોના અંતે પણ શોપિંગ વિસ્તારમાં ફુવારાની જગ્યાએ ગંદકી ખદબદી રહી છે. આ મામલે વિભાગ દ્વારા અગાઉ ફુવારા દુર કરી પાર્કીંગ બનાવવાનો નિર્ણય લેવાયા બાદ બે મહીનાના અંતે પણ કામ હાથ ધરવામાં આવ્યુ નથી.

શહેરના સે- ૨૧ માં સમસ્યાઓનો ઢગ ખડકાયેલો છે. શહેરના મુખ્ય શોપિંગ વિસ્તારને સ્વચ્છ અને સુંદર બનાવવા સ્થાનિક વેપારીઓ તેમજ નાગરિકોને અનેકવાર સ્વપ્નો દેખાડાયા છે. પરંતુ વાતોથી દુર હટીને કોઇ નક્કર કામગીરી થઇ શકી નથી. જેના પરિણામે ગંદકી અને ગીચતા વચ્ચે મુલાકાતીઓએ પણ ગુંગળામણ અનુભવવાનો વારો આવ્યો છે. શોપિંગ વિસ્તારમાં લાખોના ખર્ચે નિર્માણ કરાયેલા ફુવારા વર્ષોથી બંધ હાલતમાં છે. જયારે ફુવારાના સ્થાને હઠીલી ગંદકી અસ્તિત્વમાં આવતા મુલાકાતીઓના મોં વંકાય છે. સ્વચ્છતાની સુફીયાણી વાતો વચ્ચે નગરના મુખ્ય શોપિંગ વિસ્તારમાં જ ગંદકીના ઢગ ખડકાયા છે.

થોડા સમય અગાઉ રાજયના તત્કાલિન મુખ્ય સચિવ પાંડીયને આ વિસ્તારની મુલાકાત લઈને શોપિંગ વિસ્તારની સમસ્યાઓ અંગે નિરિક્ષણ કર્યું હતું. આ દરમિયાન માર્ગ મકાન વિભાગના અધિકારીઓને શોપિંગના બંધ ફુવારાને દુર કરવા ઉપરાંત પાર્કિંગ વિસ્તારમાં લાઇટની વ્યવસ્થા કરવા પણ જરૂરી સુચના આપી હતી. આ તબક્કે વેપારીઓને પણ સ્વચ્છતાના મામલે જાગૃત રહેવા જણાંવાયુ હતું. આમછતા બે મહિનાના અંતે પણ શોપિંગ વિસ્તારમાં સ્થિત ફુવારાને દુર કરવા અગર આ મામલે કોઇ નવી કાર્યયોજના વિચારવામાં આવી નથી.

એકબાજુ ફુવારા દુર કરવાના મામલે આખરી નિર્ણય લેવાઈ ગયો હોવાનું ધ્યાને આવ્યું છે. પરંતુ તંત્ર દ્વારા આગળની કાર્યવાહી સંદર્ભે ઉદાસીનતા સેવાતા વેપારીઓ તેમજ નગરજનોમાં આક્રોશ પ્રવર્તેયો છે. વર્ષોના અંતે પણ સેકટરના ફુવારા દુર કરવાના મામલે માત્ર વાતો જ થાય છે. જયારે બંધ ફુવારાના લીધે આ વિસ્તારની રોનક પણ ગાયબ થઇ ગઇ છે. જયારે શોપિંગ વિસ્તારમાં અનેક સમસ્યાઓ પણ વધી રહી છે. સેકટરના ફુવારા સમસ્યારૂપ બનતા રાજયના ચીફ સેક્રેટરીથી લઇ માર્ગ મકાન વિભાગના ઉચ્ચ અધિકારીઓ શોપિંગ વિસ્તારનો રાઉન્ડ લઇ ચુક્યા છે. આમછતા વાતનો કોઇ નિવેડો આવ્યો નથી.

બેસણું

અમારા પૂજ્ય પિતાશ્રી ભીખાભાઈ કચરાભાઈ વાળંદ (નિવૃત પોસ્ટ વિભાગ) (ભુવાજી) નું તા. ૨૦-૬-૨૦૧૫ ને શનિવારના રોજ સ્વર્ગવાસ થયેલ છે. સદ્ગતનું બેસણું તા. ૨૬-૬-૨૦૧૫ ને શુક્રવારના રોજ સવારે ૮-૦૦ થી ૧-૦૦ કલાક સુધી નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : રામજી મંદિર, કોબા, તા.જી. ગાંધીનગર

યોગેશકુમાર ભીખાભાઈ નાયી (એડવોકેટ/નોટરી) સરપંચ - કોબા (મહાવીર હિલ્સ ગ્રુપ કોબા)
ગોવિંદભાઈ કાંતિભાઈ નાયી (તલાટી)
રાજેન્દ્રભાઈ પરસોત્તમભાઈ નાયી

લિ. રાકેશકુમાર ભીખાભાઈ નાયી
વિરાગકુમાર પ્રહલાદભાઈ નાયી
દિવ્યાંશુ યોગેશકુમાર નાયી
મિત્યાંશુ રાકેશભાઈ નાયી
રાજેન્દ્રકુમાર જુ. પારેખ (ઉવારસદ)

NATIONAL INSTITUTE OF FASHION TECHNOLOGY, GANDHINAGAR
(A statutory Institute governed by the NIFT Act 2006, Ministry of Textiles, Govt. of India)
GH-0 Extension Road, B/h. Infocity, Gandhinagar – 382007
Phone No. 079-23240832, 23240834, 23265000 Fax : 079-23240772

NOTICE INVITING TENDER
TENDER NOTICE NO. 03/2015-16/NIFT/GNR

NIFT, Gandhinagar invites tenders from interested bidders having experience of similar works in organizations / institutes of repute with statutory registrations for providing such types of services.
1. Annual Contract for Providing Bus Transport Services.
2. Comprehensive Annual Maintenance Contract for Fire Hydrant System and Annual Rate contract for Re-filling of Fire extinguishers.

For details please visit our website www.nift.ac.in/gandhinagar.
Date : 25/06/2015
Purchase Officer

ગાંધીનગરના વિક્રેતાઓ : જય આયુર્વેદિક સ્ટોર્સ-સેક્ટર-૨૪, +૯૧ ૯૪૨૮૩૫૧૮૨૧ ● ગાંધીનગર આયુર્વેદિક સ્ટોર્સ - મીના બજાર - +૯૧ ૯૭૨૬૬૩૭૨૧૦ ● સંજીવની આયુર્વેદિક - ફુડાસણ રોડ - +૯૧ ૯૪૨૭૨૧૮૮૨૨/૯૪૨૮૨૭૭૪૭૦ ● વેલ કેર આયુર્વેદિક એન્ડ કોસ્મેટીક - સેક્ટર-૬/ડી, +૯૧ ૯૮૭૯૩૪૮૦૪૮ ● રાજ આયુર્વેદિક એજન્સી-સેક્ટર-૨૯ - + ૯૧ ૯૪૨૬૫૭૯૮૫૧ ● અંબિકા આયુર્વેદિક એજન્સી-ઘ-૫ સર્કલ, સેક્ટર-૨૨- +૯૧ ૯૯૭૯૨૬૫૩૭૫.

SANGHI CEMENT · KisaN · ashirvad C. PVC, UPVC · VINAYAK 500 TMT BARS - ISI · BENELAVE BATH FITTINGS · DR.FIXIT · TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

૮૭ કાઉન્ટર સાથે એન્જિનિયર્સ અને બિલ્ડર્સનું સૌથી મોટું નેટવર્ક ધરાવતી ફર્મ
UltraTech CEMENT The Engineer's Choice
KAMDHENU STEEL
STEEL TIGER
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
ESTD. 1983
કૈલાસ ટ્રેડર્સ (લોદ્રાવાળા)
● ગોડાઉન : ખ-૨ ચોકડી, સે.૪સી કોર્નર ●
મોબાઈલ : ૯૯૯૮૪૭૩૨૦૦, ૯૮૨૫૯ ૪૭૮૭૮, ૨૩૨ ૨૩૮૦૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com